# <u>સ્લો સાઈકલ સ્પર્ધા</u>

**કિસાન માધ્યમિક વિદ્યાલય લુણાવાડામાં તા. 30/12/2023 ને શનિવાર રોજ "સ્લો સાઈકલ સ્પર્ધા" નું આયોજન કરવામાં આવેલ હતુ. તેમા માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક વિભાગમાં ખૂબ જ મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. દરેક વિદ્યાર્થીઓએ સ્લો સાયકલ સ્પર્ધામાં ભાગ લઈ સાયકલને માનવની પ્રગતિ અને પ્રગતિના પ્રતીક તરીકે સહનશીલતા, પરસ્પર સમજણ અને આદરને પ્રોત્સાહન આપતુ પ્રતીક મનાય છે. જે સામાજિક સમાવેશ અને શાંતિની સંસ્કૃતિને ઉત્તેજન આપે છે. સાયકલ ટકાઉ પરિવહનનુ પ્રતીક છે અને ટકાઉ વપરાશ અને ઉત્પાદનને પ્રોત્સાહન આપવા માટે સકારાત્મક સંદેશ આપે છે. અને હવામાન પર સકારાત્મક અસર પાડે છે. નિયમિત સાઇકલ સવારી ફેફસા મજબૂત બનાવે અને ઇમ્યુનિટી વધારે છે . એપ્રિલ 2018માં યુનાઇટેડ નેશન્સની સામાન્ય સભાએ 3 જૂનને આંતરરાષ્ટ્રીય વિશ્વ સાયકલ દિવસ તરીકે ઘોષિત કર્યો હતો. સાયકલ જે વિશિષ્ટ દીર્ઘતા અને વૈવિધ્ય ધરાવતું અને 2 સદીઓથી ઉપયોગમાં રહેલુ સરળ, સસ્તુ ,વિશ્વસનીય સ્વચ્છ અને પર્યાવરણ યોગ્ય ટકાઉ પરિવહન માધ્યમ છે. જેના વિશે વિદ્યાર્થીઓ જાણે અને તેમનામાં રહેલી આંતરિક શક્તિઓને બહાર લાવી પોતાની પ્રતિભા બતાવી શકે તે હેતુસર કિસાન માધ્યમિક વિભાગમાં સ્લો સાયકલ સ્પર્ધાનું આયોજન કરવામા આવેલ હતુ. તેમાં કિસાન માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક વિભાગમાં વિધાર્થીઓ અને વિધાર્થીનીઓને પ્રથમ દ્રિતીય અને તૃતીય નંબર આપવામાં આવેલ હતા.જેમને ઓકેસી સંકુલ અને શાળા પરિવાર તરફથી ખુબ ખુબ અભિનંદન પાઠવવામા આવે છે.**

માધ્યમિક વિભાગમાં

| | |
|---|---|
| (1) પટેલ ક્રુતિ વાય. (9-બ) | (1) પટેલ ક્રિશ એસ. (9-ક) |
| (2) ડાબી ક્રિષ્ના કે. (9-બ) | (2)નકુમ વૈદિક એચ. (9-અ) |
| | (3) પટેલ મર્મ એમ. (9-અ) |

ઉચ્ચત્તર માધ્યમિક વિભાગમાં

| | |
|---|---|
| (1) ઝાલા સુરજબા એસ. (11 ડ આર્ટસ) | (1)નાયક સ્મિત વી. (11-ઈ કોર્મસ) |
| (2) વાળંદ પ્રિયંકા બી. (11 ડ આર્ટસ) | (2) પટેલ વ્રજ એસ. (11- ઈ કોર્મસ) |
| | (3) ચૌધરી પ્રવિણ કે. (11-ઈ કોર્મસ) |



Edit with WPS Office